# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૪૩ • સળંગ અંક : ૯૪ • તા. ૨૮ માર્ચ ૨૦૨૦ થી ૦૩ એપ્રિલ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## માનવતા મ્હોરે છે :

KDO

# દિવ્યાંગ પાલક અને સંજીવની પેટ્રોનની નામાવલી વધતી રહે છે

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

## બધી ખબર હોય કે
## ક્યાં કયો ખેલ રમાઈ રહ્યો છે
## છતાં
## ન બોલીને સંબંધ સાચવે
## તે જ **સંસ્કાર**



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# દુઃખની ખાઈ-અદેખાઈ

દરેક જણ સુખી થવાની કામના ધરાવે છે અને એ કંઈ ખોટું નથી. દરેક વ્યક્તિને સુખી થવાનો, સુખ ભોગવવાનો હક છે, માનવમાત્ર જન્મોજન્મ અખંડ સુખ, ઐશ્વની ભાવના રાખે છે. પરંતુ સંપૂર્ણ સુખ એને પ્રાપ્ત થતું નથી. કારણકે આપણી ઈચ્છા હોય છે કે હું સુખી થાઉં પણ અન્ય દુઃખી હોય દુઃખ ભોગવે એ ચાલશે. આ ભાવના ઈર્ષા, સ્વાર્થ અને લાલસાની થઈ. હકીકતમાં બીજાના સુખમાં આપણું સુખ, બીજાના આનંદ-મોજ-મજામાં આપણું નિજાનંદ હોવું જોઈએ. ખરેખર આ ચાવી સુખી થવાની છે. પણ એ ભાવનાથી વિરુદ્ધ આપણી કામના હોવાથી આપણે સંપૂર્ણ સુખી થઈ શકતા નથી અને મળેલ સુખને ભોગવી શકતા નથી.

આપણી આસપાસ પરિવાર કે પડોશમાં શહેર નગરને દેશમાં ચડસાચડસીની સ્પર્ધા થઈ રહી છે. આ વૃત્તિએ પણ એકજાતની ઈર્ષા છે. જે આપણને અસુખ કરાવે છે. બીજાના ઉત્કર્ષમાં આપણું ઉત્કર્ષ છે. એવું આપણે માનતા નથી. એ સ્વાર્થીવૃત્તિ એકાકી ભાવના આપણે સતત ધરાવતા હોઈએ છીએ. સાથ આપનારને પછાડી આપણે સર્વસ્વ થઈ જઈએ એજ આપણી લાગણી હોય છે. જે એક દ્રષ્ટાંત દ્વારા જોઈએ.

એક વ્યક્તિને પોતાના પડોશીના સુખની ઈર્ષા આવે, આખો દિવસ-રાત બસ એને કઈ રીતે દુઃખ આપી શકાય એવા પેંતરામાં રહ્યાં કરે. પોતે કૃતિકાર-કલાકાર, નવું કલાત્મક સર્જન એનો વ્યવસાય પણ હકીકતે ઈર્ષાના અસુખથી અજંપામાં રહ્યા કરે. એક દિવસ શહેરમાં એક સંતની પધરામણી થઈ. આ કલાકારભાઈએ તેમની ખૂબ સેવા ચાકરી કરી પોતાના અમૂલ્ય સર્જન બતાવ્યા જેનાથી સંત પ્રસન્નતા વ્યક્ત કરી કલાના કામણમાં આવી પોતાની સુશ્રુષા કાળજીથી સંતોષ વ્યક્ત કરતા તેને કંઈક માંગવાનું કહ્યું. આ ભાઈ પોતાના હૃદયના ભાવ હોઠે લાવી દીધા કહ્યું મને જે મળે તેનાથી બમણું મારા પડોશીને પ્રાપ્ત થાય. પરોપકારી સંત એની વાત સાંભળી પ્રસન્નતા વ્યક્ત કરી કે બહુ ઉતમ ભાવના છે આ તો પણ જ્યારે એ વ્યક્તિએ જે માંગ્યું તેમાથી સંતનો ભ્રમ પણ તૂટી ગયો. કલાકારે માંગ્યુ મારો એક હાથ તૂટી જાય, એક પગ તૂટી જાય. સંત એને ઘણો સમજાવ્યો. આ ભાવનાથી પડોશીનો બેડો ગરક થઈ જશે પણ તારો પણ નુકસાન થશે. પણ કોઈ વાતને સમજવા ન માંગતા આખરે સંતે તથાસ્તુ કહી એની ઈચ્છાને સંતોષી.

પડોશીને અઢળક દુખ અકારણે મળ્યું પણ આ કલાકારનું પણ નુકસાન થયું જમણો હાથ તૂટી જવાથી કૃતિ રચવાનો ક્રમ અટકી ગયો. તેની આજીવિકાનું સાધન ગયું મનની પ્રસન્નતા ચાલી થઈ. સર્જન અટકી ગયું. કામ-ઉદ્યોગ પ્રવૃત્તિથી નવ રાશને લીધે ફિજુલ વિચારોના ચક્રમાં પોતાનો આનંદ ઉત્કર્ષ, સર્જન અને પ્રસન્નતાથી અળગો થઈ ગયો. અન્યની ઈર્ષા અદેખાઈ કરવા જતા પોતે પોતાન પગ પર કુહાડી મારી દીધી, આમ દુઃખની ખાઈમાં પોતે ધકેલાઈ ગયો.

- જય જ્ઞાતિમૈયા

# માનવતા મ્હોરે છે : દિવ્યાંગ પાલક અને સંજીવની પેટ્રોનની નામાવલી વધતી રહે છે







શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનનો જ્ઞાતિજોગ એક સંદેશો છે. આવો એક થઈએ સમાજને આગળ ધપાવીએ. જ્ઞાતિના દિવ્યાંગજનો સાથે જરૂરિયાતમંદ આપદાગ્રસ્ત જ્ઞાતિજનોને તબીબી ચિકિત્સા અને ઉપચાર ઓપરેશન માટે શક્ય તેટલી મદદ આપી શકીએ માટે દિવ્યાંગ પાલક જે સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની યોજના છે તથા મેડિકલ સમિતિની સંજીવની પેટ્રોન યોજનામાં ઉદારદિલ પરિવારો જોડાઈ પરોપકારની યથાર્થ ભાવના સાર્થક કરી રહ્યા છે.




એક દિવ્યાંગને એક વર્ષ માટે દત્તક લઈ શ્રી ટોકરશી આણંદજી લાલકા કચ્છ લાલા-વાશી, નવી મુંબઈ રૂા.૫૦ હજાર સમર્પિત કરી. દિવ્યાંગ પાલક તરીકે સહભાગી થયાં છે.

તે સાથોસાથ આ જ શ્રેષ્ઠીજન શ્રી ટોકરશી આણંદજી લાલકા-લાલા હાલે વાશી નવી મુંબઈએ રૂા.૨ લાખનું યોગદાન આપી પ્લેટીનમ પેટ્રોન તરીકે મેડિકલ સમિતિને ઉત્તમ સાથ આપ્યો છે.

જ્યારે માતુશ્રી લીલાવંતીબેન કુંવરજી ધરમશી-કોઠારા નવી મુંબઈ રૂા.૨૫ હજારનું યોગદાન આપી સીલ્વર પેટ્રોન તરીકે નામ નોંધાવ્યું છે.

આ દાતાઓની ભાવનાને અઢળક અનુમોદનાથી વધાવીએ છીએ.

# કોઠારા તીર્થે ઘંટનાદ કરી જન માટે ઝઝૂમતા સેવકોની અનુમોદના કરાઈ



તા.૨૨ માર્ચ રવિવાર સવારે ૭ થી રાત્રે ૯ કલાક સુધી માનનીય વડાપ્રધાનની સૂચના મુજબ સમસ્ત દેશમાં જનતા કર્ફ્યુનો અમલ કરાયો હતો. તેઓશ્રી દ્વારા જન જન માટે સેવા કરતા ડૉક્ટરો, નર્સ, પેપર-ઈલેક્ટ્રોનિક મિડિયાના લોકો, સ્વચ્છતા સેવકો, મિલેટરી, પોલીસ સુરક્ષા દલના જવાનો વગેરે માટે અનુમોદના વ્યક્ત કરવા એજ દિવસે સાંજે ૫ કલાકે સૌ ભારતવાસીઓ પોતપોતાના ઘર, બાલ્કની બારીમાંથી તાળી, થાળી કે ઘંટનાદ પાંચ મિનીટ સુધી કરી તેઓ સૌ પ્રત્યે અહોભાવ આભાર ભાવના પ્રગટ કરવી. જેથી આપણે તેમના ઋણી છીએ એ ભાવ જાગે.

આ અપીલને માન આપી કોઠારા સંઘના ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ લોડાયા સંઘવતીથી જિનાલયની પ્રાચી પરથી આરતી થાળી વગાડી એ જનસેવકો એવા કર્મીઓ પ્રત્યે અનુમોદના - ભાવના વ્યક્ત કરી હતી.

# રાષ્ટ્રના સંકટ સમયે જૈન સંઘ અને ટ્રસ્ટ દ્વારા અનુદાન અપાયું

રાષ્ટ્ર વર્તમાન કાળમાં એક લાંબા સમય સુધી ચાલનારા સંકટ પરિસ્થિતિમાં પસાર થઈ રહ્યું છે. આ કપરા કાળમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારની સાથોસાથ તેમની પડખે ખડેપગે સાથ આપવાની નાગરિકોની ફરજ બને છે. આ મહામારીમાં દેશવાસીઓને હેમખેમ ઉગારવાનો સરકારનો પ્રયાસ છે. આ પ્રયાસમાં આર્થિક રીતે ઘણું બધું સૌને ભોગ આપવો પડશે.

રાષ્ટ્રના આ સંકટ સમયે આણંદજી કલ્યાણજી પેઢી પાલીતાણા જૈન સંઘ તરફથી કોરોના વાયરસની મહામારીને રોકવા સરકારને રૂા.૧૫ કરોડની સહાય અને નાકોડા જૈન ટ્રસ્ટ તરફથી રૂા.૧૧ કરોડની સહાય સરકારશ્રીને અપાઈ છે. આ પહેલ બિરદાવવા લાયક છે. જૈનમ જયતિ શાસનમ

JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે.જૈન સંઘ દ્વારા સાંકળી અઠમ તપ આરાધનાનું આયોજન

હાલે વિશ્વભરમાં કોરોના વાયરસની મહામારી થકી લાખો લોકો પ્રભાવિત થઈ ગયેલ છે. વિશ્વના બહુધા રાષ્ટ્રો આ રોગની તબાહીથી ગ્રસ્ત થઈ ગયા છે. રોગની રસી, દવા શોધાઈ ન હોવાથી આ મહામારી ક્યાં જઈને અટકશે એનો અંદાજ કોઈને નથી.

ભારત દેશમાં આ રોગ એ દસ્તક દીધેલ છે. જેને અટકાવવા કેન્દ્રને રાજ્ય સરકાર દ્વારા વિવિધ ઉપાય યોજનાઓ થઈ રહી છે. હાલે ૨૧ દિવસના લોકડાઉન સેમી કર્ફ્યુમાં સૌ પોતાના ધંધા, રોજગાર બંધ રાખી પોતપોતાના ઘરમાં કેદ થઈ ગયા છે. જેથી આ રોગ ફેલાવવાની ચેઈન અટકે. આ કટોકટી સમયે સૌ સ્વસ્થાને રહી પોતાની અને અન્યોની સુરક્ષા-સ્વસ્થતા માટે યોગદાન આપવું જરૂરી છે.

જૈન શાસનમાં એવા અનેક ઉદાહરણો મોજુદ છે કે આવી મહામારીનું તપ, જપ, થકી મહાસંકટનું ઉચિત નિવારણ થયેલ છે. આવા સમયે અઠમનો પ્રભાવ ખૂબજ પ્રભાવશાળી રહેલ છે.

તપસ્વીરત્ન જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી દરેક અચલગચ્છીય સંઘો, મહાજનોના તપસ્વી આરાધકોને આ સાંકળી અઠમમાં જોડાવવાનું આમંત્રણ છે.

નીચે આપેલ તારીખના સ્લોટમાં જે કોઈને જે તે તારીખમાં અઠમ કરવાની અનુકુળતા હોય તેઓ જણાવે. દરેક સ્લોટમાં ૧ થી વધારે નામ સ્વીકારાશે. આપ ચાહો તો ૧ થી વધારે સ્લોટમાં પણ અઠમ કરી શકશો. આ ૩ દિવસમાં નીચે મુજબ જાપ કરવાના રહેશે.

(૧) ૧૦૮ અથવા વિશેષ નવકાર મંત્ર (૨) ૨૭ વખત ઉવસગ્ગહરં (૩) નવ સ્મરણ (૪) ૐ હ્રીંમ શ્રીમ પાર્શ્વનાથાય મહામારી ભયં નિવારય મમ રક્ષામ કુરૂ કુરૂ સ્વાહા આ મંત્રની ૨૦ માળા.

જીવનમાં અનેકવાર અનેક તીર્થોમાં અઠમ કરી હશે. આવી મહામારી કદાચ સૌએ જીવનમાં કદાચ પહેલીવાર જોઈ હશે. આવા સમયે આહવાન કરાયેલ અઠમમાં તમારું નામ જોડાય તો એક ઈતિહાસ થઈ જશે. જેનો દરેક જગ્યાએ ઉલ્લેખ થશે ત્યારે તમે પણ ગર્વ અનુભવી કહી શકશો કે આવા સમયે મેં પણ અઠમ કરેલ.

આપ જે સ્લોટમાં અઠમ કરવા ઈચ્છો છો તે તારીખ, આપનું પુરુ નામ, ગામનું નામ, રહેવાનું પુરુ સરનામું અને મોબાઈલ નંબર નીચેના નંબરે મોકલશો અને આ અંગે કંઈ પુછપરછ કરવી હોય તો પણ કરી શકશો.

(૧) જીતેન્દ્ર ગાંગજી વોરા (મો.૮૨૯૧૩૯૫૮૦૧) (૨) પ્રવીણ ટોકરશી લોડાયા (મો.૯૮૨૦૫૬૫૨૬૧) દરેકના નામ પત્રિકા અને વોટ્સએપ દ્વારા જાહેર કરાશે.

સ્લોટ-૧ : તા.૨૭,૨૮,૨૯ માર્ચ, સ્લોટ-૨ : તા.૩૦,૩૧ માર્ચ અને ૧ એપ્રિલ, સ્લોટ-૩ : તા.૨,૩,૪ એપ્રિલ, સ્લોટ-૪ : તા.૫,૬,૭ એપ્રિલ, સ્લોટ-૫ : તા.૮,૯,૧૦ એપ્રિલ, સ્લોટ-૬ : તા.૧૧,૧૨,૧૩ એપ્રિલ.

દરેક તપસ્વીઓને યોગ્ય પ્રભાવના સંસ્થાવતી આપવામાં આવશે. એવુ સંઘના મંત્રીઓ દ્વારા જણાવાયું છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# પાલીતાણા મધ્યે ગુણોદયપુરમમાં દીનબંધુઓ માટે જીવન જરૂરિયાત ચીજોની કીટ તૈયાર કરી વિતરીત કરાઈ



સમગ્ર દેશમાં તા.૨૫ માર્ચ ૨૦૨૦ બુધવારથી તા.૧૪ એપ્રિલ ૨૦૨૦ મંગળવાર સુધી ૨૧ દિવસનો લોકડાઉન - સાર્વજનિક જીવન વ્યવહાર બંધ કોરોના વાયરસના વધતા પ્રકોપને નિવારવા, તેને વધુ પ્રસરતો રોકવા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયો છે. બસ, ટ્રેન, રીક્ષા, ટેક્સી તથા ધંધા રોજગાર બંધને કારણે રોજ રોજ કમાણી પર ગુજારો કરતા ગરીબ વર્ગને કમરતોડ માર સહન કરવાનો વારો આવ્યો છે.

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી પાલીતાણામાં ગુણોદયપુરમમાં વિવિધ સખી દિલ દાતા ગુરુભક્તોના સહયોગથી ગરીબ જરૂરિયાતમંદ લોકોની માટે અનાજ તેમજ રોજબરોજ જરૂરિયાતની ચીજ વસ્તુ-સામગ્રીની કીટ બનાવી તેના વિતરણની શરૂઆત કરવામાં આવી હતી.



આ પ્રસંગે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.એ માંગલિક ફરમાવેલ. આ વ્યવસ્થામાં પ.પૂ.પ્રિયંકરસાગરજી મ.સા. માર્ગદર્શન પ્રદાન કરી રહેલ છે.



કોરોનાને કારણે લાગુ કરાયેલ સંચારબંધીના સમયને અનુલક્ષી આ નિઃશુલ્ક અનાજ કીટમાં ઘઉ, ગોળ, ચોખા, ચણાદાળ, મગદાળ, તેલ, મરચું, મીઠું અને ખીચડી સહિતની કાચી સામગ્રી છે. જે માટે યોગદાન આપેલ છે સિદ્ધાચલમ જયાબેન વિશનજી મારૂ - જૈન ગુણોદય ફાઉન્ડેશન, સંઘમાતા મધુબાલાબેન ભવાનજી આસુભાઈ હરીયા-દેવપુર, સંઘમાતા લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પુનડી, સંઘમાતા દમયંતીબેન મુરજી ગડા નાના રતાડીયા, સંઘમાતા સાકરબેન શામજી રવજી હરિયા નરેડી, સંઘમાતા જયાબેન વિશનજી પાલણ મારૂ બિદડા, સંઘમાતા પુષ્પાબેન વિનોદભાઈ દેવરાજ ગંગર ગોધરા, શ્રીમતી કવિતાબેન મનોજભાઈ નવીનચંદ્ર વોરા નારણપુર, સંઘમાતા તારાબેન ચુનિલાલ વશનજી દેઢિયા-ભોજાય.

# ૭૨ જિનાલયના આંગણે ત્રણ નૂત્તન દિક્ષિતોની વડી દીક્ષા થઈ

તા.૨૧ માર્ચ ૨૦૨૦ શનિવારના કચ્છના ૭૨ જિનાલયના આંગણે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ત્રણ નૂત્તન દિક્ષિત સાધ્વીજીઓની વડી દીક્ષા થઈ.



# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈમાં વસતા જ્ઞાતિ પરિવારોને વહારે

કોરોના વાયરસ જેવી મહાપ્રકોપભરી બિમારી સામે આર્થિક કટોકટી સર્જાતા મુંબઈમાં તથા આજુબાજુના પરા-પરિસર નગરોમાં વસતા અને દૈનિક કમાતા જરૂરિયાતમંદ કેડીઓ જ્ઞાતિ પરિવારોને શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ મુંબઈ આર્થિક સહાય આપવાની યોજના શરૂ કરેલ છે.



લાંબા લોકડાઉન પિરિયડને લીધે જ્ઞાતિના સાધર્મિક ભાઈઓ જે દૈનિક ધોરણે કામ કરતા હોય અથવા નાના પાયે ગૃહ ઉદ્યોગ કરતાં હોય તેમના માટે ઘરગુજારો કરવો કઠીનભર્યું થયું છે.

જ્યાં સુધી કર્ફ્યુ છે તે દરમ્યાન જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટ (રાશન સામગ્રી) પરિવારદીઠ અપાશે. મદદ લેનાર વ્યક્તિ-પરિવારનું નામ સંપૂર્ણ રીતે ગુપ્ત રખાશે. જે કોઈ પરિવાર એ આયોજનનો લાભ લેવો હોય તેઓએ નીચે જણાવેલ ગ્રુપના અધિકારીઓનો સંપર્ક કરવો.

અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ પ્રવિણ લોડાયા, ગોવિંદજી પટેલ, કિરણ દંડ-૯૮૩૩૮૦૮૨૪૪, વીરેન્દ્ર લોડાયા મુલુંડ-૯૮૨૧૦૭૩૮૩૦, પરેશ ખોના ડોંબિવલી-૯૮૨૦૯૪૦૪૮૬, વિપુલ પટેલ મુલુંડ-૯૮૯૨૧૯૯૧૯૭, ભાવેશ મોતા ડોંબિવલી-૯૧૬૭૫૨૨૧૫૫, અભય લોડાયા ડોંબિવલી-૯૮૩૩૪૨૦૦૦૮, વીરચંદ ખોના ડોંબિવલી-૯૮૭૦૯૮૯૦૦૫, પ્રવિણ મોતા ડોંબિવલી-૯૮૨૧૩૩૦૯૧૪, ભાવનાબેન મોમાયા ડોંબિવલી-૯૧૪૬૯૨૬૫૬૩, ભાવીનીબેન ડોંબિવલી-૯૯૨૦૮૩૬૯૬૨, રાજેશ દંડ ભાંડુપ-૯૮૨૧૧૨૯૬૯૬, વિપુલ લોડાયા ભાંડુપ-૮૭૭૯૯૭૬૨૬૩, મનિષ પીર વિઠ્ઠલવાડી-૮૬૯૩૦૮૫૫૯૫, મનોજ ગાલા અંબરનાથ-૯૮૩૩૮૦૮૨૪૫, કિરણ ધુલ્લા મલાડ-૯૩૨૬૦૮૭૧૯૭, જયેશ ધરમશી વિરાર.







# ક.દ.ઓ. જૈન સમાજ વડોદરાએ જનતા કર્ફ્યુ દરમ્યાન દીનજનો માટે ફુડ પેકેટ વિતરીત કર્યા







તા.૨૨ માર્ચ ૨૦૨૦ રવિવારના માનનીય વડાપ્રધાનની અપીલને પ્રતિસાદ આપતા સૌ દેશવાસીઓ દ્વારા જનતા કર્ફ્યુનો સખત અમલ સવારના ૭ થી રાત્રીના ૯ કલાક સુધી રખાયો હતો. ૧૪ કલાકના આ જડબેસલાક બંધ દરમ્યાન કોઈ ગરીબ, દીનજન, રંક વર્ગના ભૂખ્યા ન રહી જવા પામે એ માટે તેમની કાળજી લેતા શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજ વડોદરાના સેવાભાવી કાર્યકરો દ્વારા કેડીઓ હૉલમાં અગાઉ સાંજથી થેપલા અને અથાણાના ફુડ પેકેટ તૈયાર કરી તેનું રાત્રે વિતરણ કરવામાં આવ્યું હતું. જેથી બીજા દિવસે સખત બંધ દરમ્યાન તેઓને પેટ ભરવા વલખા ન મારવા પડે. ફુટ પેકેટ વિતરણ તૈયાર કરવા અને વિતરણ કરવાના કાર્યમાં કદઓ જૈન સમાજના વડીલો, યુવાનો, યુવતીઓ અને ભાઈ-બહેનો ઉમળકાભેર જોડાયા હતા.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વારા ચૈત્રી માસની ઓળીમાં આયંબિલ બંધ રહેશે

હાલે સમસ્ત દેશભરમાં કોરોના વાયરસને કારણે વિપરીત પરિસ્થિતિ સર્જાઈ છે. આ સંજોગોને અનુલક્ષી તથા મહારાષ્ટ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા નિર્દેશાનુસાર શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી સંચાલિત શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય, શ્રી સુવિધિનાથ જિનાલય, શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય, શ્રી ગુણ વિહારધામ જિનાલય આગામી સૂચના ન મળે ત્યાં સુધી સવારના પક્ષાલ પૂજા તેમજ સંધ્યા આરતી પૂજારી દ્વારા જ કરવામાં આવશે. અન્ય લોકો માટે દેરાસરજી માંગલિક રહેશે તેની સર્વેએ નોંધ લેવી.

તેમજ સંઘની પેઢીઓ, પાઠશાળા, આયંબિલ શાળા તેમજ સંઘની અન્ય પ્રવૃત્તિઓ આગામી સૂચના ન મળે ત્યાં સુધી બંધ રહેશે. ચૈત્ર માસની ઓળીમાં આયંબિલ બંધ રહેશે. સકલ શ્રી સંઘે વ્યવસ્થામાં સાથ સહકાર આપે એ વિનંતી.

# પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. કચ્છથી વિહાર કરી પાલીતાણા તીર્થે પહોંચ્યા

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ.ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સમીતપપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.તત્વપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ. અને પ.પૂ.અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા ૧૩ કચ્છથી વિહાર કરી તા.૨૭ માર્ચ શુક્રવારના પાલીતાણા મહાતીર્થે મુકામે પહોંચેલ છે.

પૂજ્યશ્રી પાલીતાણા કચ્છી ભવન મધ્યે સુખશાતામાં બિરાજમાન છે.



| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

અથવા વોટ્સએપ પર મોકલો

9769991922

9820302853

9322257731



VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY

મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52,Anant Niwas,Third floor, Bhat Bazar,N.N.Street, Masjid Bunder(W), Near Railway Station. Above E.H.kathawala

Call : 9820431717 / 9920641717

Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# સમસ્ત મહાજનની બીટુબી અને મિડીયા ટીમ દ્વારા જવાનોની સેવાને સલામ

યવતમાલ ખાતે શ્રી સમસ્ત કદઓ જૈન મહાજનના બીટુબી અને મિડીયા સમિતિના આહવાનને ઝીલી લોકડાઉનનો અમલ કરાવવા સખત પરિશ્રમ કરતા પોલીસકર્મીઓ, સુરક્ષા દળના જવાનો માટે ચા ની વ્યવસ્થા કરી હતી. દિવસ રાત લોકો માટે ખડે પગે રહી એવા સાથે સુરક્ષા પ્રદાન કરતા આ સેવાકર્મી ઓને મનિષ વિક્રમભાઈ ધરમશીએ ચા નું વિતરણ કરી રાહત આપતું કાર્ય કર્યું હતું.



# જતીન લોડાયા દ્વારા નારોલ-અમદાવાદમાં ટ્રાન્સપોર્ટ શ્રમિકોની સહાય





જીવન જરૂરિયાત વસ્તુઓના પરિવહન સાથે સંકળાયેલા ટ્રાન્સપોર્ટ ક્ષેત્રના શ્રમિકો ડ્રાઈવર ક્લીનરોને નારોલ અમદાવાદમાં જતીન વીરેન્દ્ર લોડાયા અને તેની ટીમ એ માસ્ક, શાકભાજી, અનાજ, ધાન્ય વગેરે વસ્તુઓનું વિતરણ કર્યું.

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા જરૂરતમંદોને આર્થિક સહાય







કોરોના વાયરસ જેવી મહાભયંકર બીમારી સામે કટોકટી સર્જાતા ભાંડુપમાં વસતા અને દૈનિક ધોરણે કમાતા જરૂરિયાતમંદ પરિવારો માટે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ તરફથી સહાય યોજના ચાલુ કરેલ છે

જરૂરિયાતમંદ પરિવારોને સહાય આપવામાં આવશે મદદ લેનાર વ્યક્તિનું નામ સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવેલ છે. હમણાં સુધી થોડા પરિવારોએ લાભ લીધો છે. હજી પણ કોઈ પરિવારે જરૂરત હોય ને લાભ લેવો હોયતો વીના સંકોચે સંઘના કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી. આ યોજનાનો સંપૂર્ણ લાભ અ.સૌ.વિજયાબેન કુંવરજી લોડાયા રાપરગઢવારી પરિવાર દ્વારા આપવામાં આવેલ. સંઘે આ પરિવારની ભુરી ભુરી અનુમોદના કરે હતી. આવા સત્કાર્યો સદા આ પરિવાર કરતો આવ્યો છે અને કરતો રહે એવી આદિનાથ દાદાને પ્રાર્થના.

# નૂતનદિક્ષિત મોહિતકુમાર બોહરાનું સંયમી નામ પ.પૂ. મુનિરાજશ્રી કૌશલ્યપ્રભસાગરજી મ.સા. પડ્યું

તા.૨૧ માર્ચ ૨૦૨૦ શનિવારે જોગેશ્વરી સંઘમાં ૧૮ વર્ષીય મુમુક્ષુ મોહિતકુમાર બોહરાની દીક્ષાવિધિ સુંદર રીતે પરિપૂર્ણ થયેલ. તેઓ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય જાહેર થયેલ. તેમનું સંયમી નામ પ.પૂ.મુનિરાજશ્રી કૌશલ્યપ્રભસાગરજી મ.સા. થયેલ. આ વર્ષની આજે ૧૦મી દીક્ષા પરિપૂર્ણ થયેલ.






# પ.પૂ.આચાર્ય વિમલસાગરજી મ.સા.નું તિરૂપુર નગરે ભવ્યતાથી સામૈયું કરાયું





તા.૧૫ માર્ચ રવિવારના પ.પૂ.આ.શ્રી વિમલસાગરજીસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા ૭નું તિરૂપુર સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયુ કરાયું. કોઈમ્બતુર નગરથી પૂજ્યશ્રી વિહાર કરતા પધરામણી કરી હતી. સંઘની બહેનો સુશોભિત કળશ શિરે ધરી અને સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમળકાભેર સામૈયામાં ભાગ લીધો હતો. નવકારશી વ્યવસ્થા તેરાપંથી સંઘ દ્વારા તેમના પ્રીમાઈસીસમાં કરી હતી. પ.પૂ.આ.શ્રી વિમલસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા ૭ શ્રી સુવિધીનાથ દેરાસરમાં પધાર્યા. સવારે ૯.૩૦ કલાકે તેમનું વ્યાખ્યાન યોજાયુ જેનો વિષય હતો ‘નઈ સોચ સહી દિશા’ જેના આયોજક શ્રી ગુજરાતી સમાજ રહ્યાં હતા. મુખ્ય અતિથિ તરીકે તિરૂપુર ગુજરાતી સમાજ પ્રમુખ પ્રવિણભાઈ મહેતા તીરૂપુર સાઉથ વિભાગના ધારાસભ્ય શ્રી ગુણશેખર અને કમિશ્નર ઓફ પોલીસ સંજય અરોડા ઉપસ્થિત રહ્યાં હતા તેમના વરદ્હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. આચાર્ય ભગવંતનું પ્રવચન ૧૦.૩૦ થી ૧૨.૪૦ સુધી અસ્ખલિત રહ્યું હતું અને ઉપસ્થિત સૌ મંત્રમુગ્ધ થઈ માણ્યું હતું. એકંદરે ૭૫૦ થી ૮૦૦ જણની ઉપસ્થિત રહી હતી. પ્રવચન બાદ સૌને માટે ભોજન વ્યવસ્થા રખાઈ હતી.

સમગ્ર આયોજન વ્યવસ્થા શ્રીસુવિધિનાથ જૈન દેરાસરના ટ્રસ્ટીઓ શ્રી રતિલાલ વેરશી નાગડા, શ્રી પ્રતાપ હંસરાજ નાગડા અને શ્રી નમે કાનુગા એ ઉત્તમ રીતે જાળવી હતી.

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી વિમલસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા ૭ બે દિવસના સ્થિરતા બાદ તા.૧૭ માર્ચ ૨૦૨૦ સવારે વિહાર કર્યો હતો. સંઘના સૌ તેમના તેમના દર્શન, વંદન અને વાણીનો લાભ પામી કૃતાર્થ ભાવ અનુભવ્યો હતો.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● સરહદી પચ્છમ વિસ્તારના ઉતરે આવેલા સુમરાપારે, કોટડા, કુરન વિગેરે ગામોમાં પશુઓમાં ખરવા મોવાના રોગએ ભરડો લેતા પશુપાલકોમાં ભયનો માહોલ વ્યાપયો છે. પશુઓમાં મોઢામાં લાળ અને અતિશય દુર્ગંધ, પગમાં આડા ચીરાના કારણે પશુ ધરાશયી થઈ જાય છે. ખાસ કરીને દૂધમાં વસુકી જવું નાના વાછરડા અને દુબળા પશુઓ માટે આ રોગ વધુ વેરી બન્યો છે. જેને લીધે માલધારીઓની આજીવિકા પર ખૂબજ મોટાપાયે અસર વર્તાઈ રહી છે.

● પેટના રોગને લીધે તબિયતનું બગડવું સામાન્ય લક્ષણ થઈ ગયું છે. વિવિધ પ્રકારના બારાતુવાસી ખોરાક, જંકફૂડને જાકારો આપી, સુખી શરીરની સંપતિ સમાન દેશી વિસરાઈ ગયેલી વાનગીઓને ફરી અપનાવીએ તો તંદુરસ્ત નિરોગી લાંબુજીવન જીવી શકાશે. તેવા સંદેશ સાથે કામધેનું ટ્રસ્ટ દ્વારા વિસરાતી વાનગીઓમાં સ્વાદ કચ્છને ચખાડવા ભુજહાટમાં ત્રણ દિવસીય મહોત્સવ યોજાયો.

● માંડવી તાલુકાના રાયણ ગામના ૮૧ વર્ષીય ખેડૂત વિશ્રામ કાનજી ભાઈ માત્ર ચાર ચોપડી ભણ્યા છે. પણ તેમનો ગણિત પ્રેમ અમાપ્ય છે. કોઈ પણ પાળા જમીનનો માપ, વસ્તુનો માપ, સે.મી. કે પછી કિ.મીના માપ તેમને મોઢે છે. સતત સંશોધન થકી તેમમે વીઘા, ફૂટ, મીટર વાર, એકર, હેકટર, ગુંઠા, કિ.મી., સે.મી. મિ.મી. ના માપ દર્શાવતી અને વિવિધ ગણિત સભર ૧૬૫ પાનાની બુક પણ તેમણે લખી છે. કોઈના પણ માર્ગદર્શન વગર અને જાતે જ ગણિત પર સંશોધન કર્યુ છે. એકમ દર્શકમાં એકમથી ૨૪મો આંક અક્ષૌહિણી સુધી તેઓ હિસાબ સહ જાણે છે. કેટલા ફૂટમાં કેટલું પાણી સમાવી શકાય તે પણ તેઓ જણાવી દે છે.

● ભૂજની વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન મહાજન દ્વારા ચેસ-સંગીત અને ટ્રેકિંગ વિશે સેમિનાર યોજાયો ઉપસ્થિત રહેલ બહોળી સંખ્યા સમાજના લોકોને ચેસ માટે જાણીતા સંજયભાઈ દાવડા ડેમોન્સ્ટ્રેશન દ્વારા ચેસની રમતનાં વિવિધ પાસાઓ વિશે જાણકારી આપી હતી. જ્યારે સંગીત વિશે કિશોરભાઈ જોશીએ ઊંડાણપૂર્વક જ્ઞાન આપ્યું હતું તો મોક્ષાબેન શેઠ એ સંગીતના લયતાલ સૂરની હૃદયપૂર્વકની જાણકારી આપી હતી.

● દુઃખ, હતાશા, ચિંતા અને આત્માહત્યાના નકારાત્મક વિચારોથી મુક્તિ માટે ભારતમાં પ્રથમ વખત શિવા કેથેસીસ પદ્ધતિ ફાફા હેઠળ શિવતાંડવ વિરેચન મનોપચારની તાલીમ તથા જિંદગી ફરી નહીં મળે નામક નાટક કચ્છ સુસાઈડ પ્રિવેશન ફોરમ અને ભુજ નગરપાલિકા દ્વારા યોજાયા હતા. ભુજના ટાઉનહોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ચહેરાના વિવિધ ભાવો પ્રદર્શિત સાથે શિવતાંડવ રજૂ કરવામાં આવ્યું હતું.

● ભુજ તાલુકાના ભારાસર સામે પ્રજાસત્તાક દિને કાર્યક્રમમાં કન્યા અને કુમાર શાળાના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો જેમાં શિક્ષક રાજીવભાઈ ગોર અને અભિષેકભાઈ અબોટીએ દેશભક્તિનો રજૂ કર્યા ત્યારે ધો. ૫ના હિરેન જોગીએ ઢોલ પર તાલ આપ્યો હતો. તેનાથી કાર્યક્રમમાં ઉપસ્થિત આસિસ્ટન્ટ કલેક્ટર મનીષ ગુરવાનીએ પ્રાથમિક કુમાર શાળાના હિરેન લઘાભાઈ જોગીને પોતાની સાથે હરોળમાં બેસાડી શાબાશી આપતાં ઉપસ્થિત સૌએ આ ઘટનાની પ્રશંસા કરી હતી. સરકારી અધિકારીએ આ બાળ કલાકારને સંગીતક્ષેત્રે પ્રગતિ કરવા બદલ શુભકામના આપવા સાથે તેના વાલીને પોતાનાથી બનતી મદદ કરવાની ખાતરી આપી હતી.

# ખામગામ સંઘ પોલીસ પ્રશાસનની સેવા માટે આગળ આવ્યું

દેશ પ્રથમવાર એક વિકટ સંકટ અને કોરોના રોગની મહામારીથી બચવા માટે સતત સખત પગલા લઈ રહ્યું છે. આ કપરા સમયને ધ્યાનમાં રાખી પ.પૂ.અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય મહારાજ સાહેબ પ.પૂ.વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ના શુભ આશિર્વાદ અને પ્રેરણાથી તથા સંઘના સુશ્રાવક શ્રી અંકુર અનિલભાઈ વિકસશીના પ્રયત્નોથી રવિવાર તા.૨૯ માર્ચથી તા.૧૪ એપ્રિલ મંગળવાર સુધી શ્રીસંઘ તરફથી પોલીસ પ્રશાસનના જવાનો માટે ૧૦૦ પેકેટ આહાર જેમાં રોટી-શાક અને ખિચડી રોજે રોજે અપાશે.

એક દિવસની આ સહાયની માટે દાન રકમ રૂા.૩ હજાર છે. જેઓ આ માટે સહાયભૂત થવા ઈચ્છે છે તેઓ અક્ષય વિકમશી અને સ્વપ્નિલ શાહનો સંપર્ક કરવો.

# નલિયા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા કોરોના પ્રકોપના વિપતી કાળમાં માનવતા મહેંકી ઉઠી



સમગ્ર દેશ અત્યારે કોરોના પ્રકોપથી ત્રસ્ત છે. સરકાર દ્વારા તા.૨૫ માર્ચથી ૧૪ એપ્રિલ સુધીનો લોકડાઉન રખાયો છે. સર્વત્ર કામ ધંધા બંધ રહેવાથી રોજ રોજ પેટપુરતું રળી ખાતા શ્રમિક વર્ગ ચિંતાગ્રસ્ત થઈ ગયા છે. આવા કપરાકાળમાં કચ્છ નલિયાનાં વેપારીઓ, મંડળો દ્વારા મુંબઈ સ્થિત દાતા લહેરીભાઈ ભાનુશાલી સેવાની પહેલ કરી આગળ આવતા જીવન જરૂરિયાતની ચીજોની કીટ તૈયાર કરાઈ. જેનું વિતરણ જરૂરિયાતમંદોને કરાઈ રહ્યું છે. ધન્ય છે આવા દાતાશ્રીઓને જેઓ નાત જાતના ભેદભાવ વગર તેમના ભેરુ થઈ ઊભા રહ્યાં.

# પ.પૂ.સા.ભગવંત વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ ખામગામ નગરમાં બિરાજમાન

મહારાષ્ટ્ર રાજ્યમાં બુલઢાણા જિલ્લાના આકોલા શહેરથી ૫૦ કિ.મી.ના અંતરે ખામગામ નગર છે. અચલગચ્છ સમુદાયના પ.પૂ.સાધ્વીજી ભગવંત વિજયપુર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ હાલે અત્રે ખામગામ સંઘમાં સુખશાતામાં બિરાજમાન છે.

સંપર્ક સુત્ર - અક્ષય અનિલકુમાર વિકમશી મો.નં.૯૬૨૩૦૦૧૦૦૨, ૭૮૭૫૮૮૯૮૯૮.

## જીવન ઘટમાળ

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૩.૨૦૨૦ | સીહોર | માનકુંવર નવીનચંદ્ર લાલકા | નલિયા | ૬૬ |
| ૨૨.૦૩.૨૦૨૦ | સેલમ | જયવંતી મણીલાલ સોની | વાંકુ | ૮૭ |
| ૨૫.૦૩.૨૦૨૦ | દહિંસર | જયંતીલાલ વીરજી ધરમશી | ગોરબીયા | ૭૭ |
| ૨૫.૦૩.૨૦૨૦ | ભોપાલ | જયાબાઈ પદમશી મોમાયા | સાંયરા | ૮૦ |
| ૨૭.૦૩.૨૦૨૦ | અમદાવાદ | રતનબેન લક્ષ્મીચંદ મોમાયા | સાંયરા | ૮૩ |
| ૨૮.૦૩.૨૦૨૦ | કુરૂડુવાડી | જવાહર અભયચંદ ચાવડા | નલિયા | ૭૨ |
| ૩૦.૦૩.૨૦૨૦ | નાંદેડ | કુંદન દિનેશ નાગડા | તેરા | ૬૩ |
| ૩૦.૦૩.૨૦૨૦ | મુલુંડ(ઈ) | અલકા(મંજુલાબેન) તલકચંદ શિયાલ | જખૌ | ૬૬ |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO